RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ-અયોધ્યા માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા ઉડ્ડયન મંત્રાલય સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના લોકો હજારોની સંખ્યમાં દેશના અત્યંત ધાર્મિક સ્થળ અયોધ્યાની મુલાકાત લેતા હોય છે. ત્યારે આગામી જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યા ખાતે મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. ત્યારે સૌરાષ્ટ્રમાંથી મુસાફરોની સંખ્યા ખુબ જ વધવા પામશે.

તેમજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ રાજકોટ-સૌરાષ્ટ્રની જનતાને રાજકોટ ખાતે એક ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટની અમુલ્ય ભેટ આપેલ છે અને ટુંક સમયમાં ઈન્ટરનેશનલ ફલાઈટો પણ શરૂ થનાર છે. ત્યારે આવા અત્યંત ધાર્મિક સ્થળ અયોધ્યા જવા માટે સૌરાષ્ટ્રના મુસાફરોની સુવિધામાં વધારો કરી રાજકોટ-અયોધ્યા માટેની રોજીંદી ફલાઈટ તાત્કાલીક શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીશ્રી જયોતિરાદિત્ય સિંધિયાજી, રાજયના ઉડયનમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી તથા રાજકોટ પ્રભારીશ્રી રાઘવજીભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.